**<u>ફોજદારી પરચુરણ અરજી નં. 162/2026 ના કામે આંક ૧ લગત હુકમ</u>**

(1) હાલ અરજદાર/માલિકે ભારતીય ન્યાય સંહિતાની કલમ–497તળે ખંભાળીયા પો.સ્ટે. ગુ.ર.નં. 111 85004260389/2026 ના કામે મુદામાલ વાહન **હોન્ડા સાઈન મોટરસાયકલ, જેના રજી. નં. GJ – 10 –CA –8027,** છે તે પરત મેળવવા અરજી કરેલ.

(2) સદર અરજી દાખલ થતાં, ત.ક.અ.નો અભિપ્રાય માંગતા,તેઓએ '' સદર મુદામાલ પરત આપવામાં આવશે તો ફરી પાછો કોઈ ગુન્હામાં ઉપયોગ થાય તેવી પુરેપુરી દહેસત હોય જેથી અરજદારને સદર મુદામાલ પરત સોંપવા અમારો સ્પષ્ટ અભિપ્રાય થતો નથી.'' તેવો અભિપ્રાય આપેલ છે.

(3) ઉભય પક્ષકારોની રજુઆત, રજુ દસ્તાવેજી પુરાવા, એ.પી.પી.શ્રીનો શેરો, ત.ક.અ.શ્રીનો અભિપ્રાય, ગુનો, ગુનાની ગંભીરતા, નો–કલેઈમ પુરશીશ વિગેરે લક્ષમાં લીધેલ. આ કામે રજુ રાખેલ વાહનની આર.સી. બુકની ઝેરોક્ષ વિગેરે તથા નામદાર સર્વોચ્ચ અદાલતના સુંદરલાલ દેસાઈ વિરુધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદા મુજબ વચગાળા માટે સદર મુદામાલ અરજદાર/માલીકને સોંપવા ન્યાયોચ્ચીત જણાય છે. વળી આ મુદામાલ છોડવામાં આવશે તો ફરીથી આવા ગુના કરવામાં ઉપયોગ કરશે તેવા અભિપ્રાય આધારીત અરજદાર/માલીકનો મુદામાલ ન સોંપવો તે ન્યાયોચ્ચીત નથી. સદર મુદામાલ પો.સ્ટે.માં કે કોર્ટમાં પડી રહેવાથી નુકશાન જાય તેમ છે તથા અરજદારના રોજીંદા કામોમાં અડચણ ઉભી થવાની હકીકત નકારી શકાય તેમ નથી. આ તમામ સંજોગોમાં મુદામાલની વચગાળાની કસ્ટડી અરજદાર સિવાય કોઈ કલેઈમેન્ટ ન હોય, તેઓને વચગાળાના તબકકે સોંપવો જોઈએ. જેથી ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## <u>–: હુકમ :–</u>

અરજદાર/માલીક **અજીજભાઈ જુમાભાઈ સુરાણી, ઉ.વ. પર, રહે. સલાયા, તા.ખંભાળીયાના**ઓના રૂા. ૧૦૦/– ના નોન જયુડીશીયલ સ્ટેમ્પ ઉપર દોઢી રકમના સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જામીન બોન્ડસંબંધીત પોલીસ સ્ટેશનમાં આપ્યેથી મુદામાલ વાહન **હોન્ડા સાઈન મોટરસાયકલ, જેના રજી. નં. GJ – 10 –CA –8027,** અરજદાર/માલિકને આથી નીચેની શરતોને આધીન વચગાળાના તબકકે સોંપવામાં આવે છે.

## <u>શરતો:–</u>

(1) અરજદારે આ મુદામાલ અદાલત જયારે અને જયાં મંગાવે ત્યાં રજુ કરવાનો રહેશે.

(2) સદર મુદામાલ કેસનો આખરી નિર્ણય ન થાય ત્યાં સુધી કોર્ટની પૂર્વ પરવાનગી સીવાય વેચવો નહીં કે અન્ય કોઈ રીતે ટ્રાન્સફર કરવો નહી.

(3) અરજદાર/માલિક તથા જામીનદારે પોતાના કામ ચલાઉ તથા કાયમી સરનામા આધારભૂત પુરાવા સાથે રજુ કરવાના રહેશે.

(4) ત.ક.અમલદારે સદર મુદામાલના ચારે દિશાથી ફોટો ગ્રાફસ લઈ કેસમાં સામેલ રાખવા.

આ હુકમ આજરોજ તા. ૨૦, માહે માર્ચ, સને ૨૦૨૬ ના રોજ જાહેર કર્યો.

**(કે.સી.મંધાણી)**

ચીફ જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ
દેવભૂમિ દવારકા, મુ.ખંભાળીયા.
યુ.આઈ.સી. નં. જી.જે.00823